# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૨૭/૦૩/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**

**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૪૦૭/૨૦૨૫**

દાણીલીમડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૫૯/૨૦૨૨ ઇપીકો કલમ ૩૫૪ (એ) તથા પોક્સો કેસ નંબર-૧૨ મુજબ તથા સેશન્સ કેસ નં.૧૪૬/૨૦૨૨ મુજબ ગુનાના કામે પ્રવિણ જુગાભાઈ ઉર્ફે જીમાભાઈ પરમાર (રહે. મકાન નંબર- ૫૬૭ ગલી નંબર-૨૯ જોગણીમાતાની ચાલી રામ રહીમનો ટેકરો બહેરામપુરા દાણીલીમડા અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય, નામદાર જજ શ્રી એ.બી.ભટ્ટ સાહેબ, અધિક સ્પે.જજ પોક્સો કોર્ટ, કોર્ટ નંબર-૨૨ સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૦૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૨૨૯ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૬૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૩૪ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૦૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૪૧૦/૨૦૨૫**

**બોડકદેવઃ** મયુર કનૈયાલા શાહ (ઉ.વ.૫૨) (રહે. આર.કે.પાર્ક, શ્રધ્ધા સ્કુલ સામે જોધપુર સેટેલાઈટ) એ તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ૧૭ ટાઈમ્સ કોર્પોરેટ પાર્ક થલતેજ-શિલજ રોડ થલતેજ ખાતે આરોપી દિપેશ પ્રવિણભાઈ રાઠોડ (રહે.કાશી વિશ્વનાથ સોસાયટી ઈસનપુર) (મુળ વતન.૨૧૯ પ્લોટ વિસ્તાર ગામ-જાળીયા તા-ઉમરાળા જી-ભાવનગર) એ કંપનીના નાણાં બેંકમાંથી ઉપાડવા માટે મોકલેલ તે નાણાં બેંકોમાંથી મેળવી તથા એર ટીકીટના રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬,૨૯,૦૦૦/- મેળવી લઈ અંગત ઉપયોગમાં વાપરી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.વાઘેલા ચલાવે છે.

**સરખેજઃ** મૌલેશભાઈ કનુભાઈ ઠક્કર (ઉ.વ.૪૨) (રહે. રાજવિલાસ બંગ્લો પ્રહલાદનગર ગાર્ડનની બાજુમાં આનંદનગર) એ તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે મે/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ "કામધેનુ કાર્સ પ્રાઈવેટ લીમીટેડ" સર્વે નં.૧૫૨ મકરબા દિવ્યભાસ્કર પ્રેસ સામે એસ.જી.હાઇ-વે ખાતે આરોપી અજમેરસિંઘ (ભસીન મોટર્સ) (હે-એ/૧૩ મોહન કો.ઓપરેટીવ ઈન્ડસ્ટ્રીયલ એરીયા સરીતા વિહાર મેટ્રો સ્ટેશન પીલર નંબર-૧૫૯ પાસે નવી દિલ્હી) એ કિયા કાર્નીવલ નંબર જીજે ૧૮ બીએમ ૯૬૪૪ ના મુળ માલીકની જાણ બહાર વેચાણ અર્થે મોકલી મૌલેશભાઈ કનુભાઈ ઠક્કર પાસેથી રૂપિયા ૨૦,૫૨,૦૦૦/- મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.બી.ચૌધરી ચલાવે છે.

**ઠંડા પાણીની બોટલ સમજી ભુલથી એસીડ પી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૧૧/૨૦૨૫**

**વટવા જીઆઈડીસીઃ** નિર્ભય નંદકુમાર રામ (ઉ.વ.૨૬) (રહે. સત્યનારાયણ સોસાયટી વિંઝોલ) એ તા.૦૨/૦૩/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી ઠંડા પાણીની બોટલ સમજી એસીડની બોટલમાંથી બે-ત્રણ ઘુટ એસીડ પી લીધું હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૩/૨૦૨૫ કલાક ૧૨/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અંકીતકુમાર ચંદુલાલ ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૧૨/૨૦૨૫**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** સરદારનગર ભીલવાસ રમેશદત્ત કોલોની ખાતે રહેતા મુકેશભાઇ ઇશ્વરભાઈ નાઓનો તેર વર્ષનો પુત્ર તા.૨૬/૦૩/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે રિવરફ્રન્ટ ભદ્રેશ્વર કોર્નર પાસે નદીમાં લપસી જતા નદીના પાણીમાં પડી જતા ડુબી જતા તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેન્દ્રસિંહ પદમસિંહ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૧૩/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** સાઉથ બોપલ શોબો સેન્ટરની પાછળ સ્કાય પાર્ક નામની નવી બનતી સાઈટ ખાતે લેબર કોલોનીમાં રહેતા અનિલભાઈ શિવહરકભાઈ પાસી (સરોજ) (ઉ.વ.૨૬) (મુળ વતન.ગામ-કુરા રાની હરદંશગંજ તા-તીલોઈ જી-રાયબરેલી ઉત્તરપ્રદેશ) તા.૨૫/૦૩/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ન્યુ સાયન્સ સીટી રોડ ખાતે સન પ્રીમીયમ નામની નવી બનતી સાઈટના સાતમા માળે સેન્ટીંગનું કામ કરતા હતા ત્યારે લાકડાની પ્લાય ઉપરથી પગ લપસી જતા સાતમા માળથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

**વટવાઃ** પ્રભુ રણછોડભાઈ ખાંટ (ઉ.વ.૨૨) (રહે. જાનીયાપીરનો ટેકરો વટવા) તા.૨૬/૦૩/૨૦૨૫ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે વ્રજભુમી સોસાયટી પી.ડી.પંડ્યા કોલેઝ રોડ ખાતે જુનું મકાન પાડવાનું મજુરી કામ કરતા હતા ત્યારે મકાનની સીડી તોડતા, મકાનની સીડી તથા દિવાલ તુટી પડતા પ્રભુ ખાંટ ઉપર પડતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી માધવસિંહ દેવિસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૪૧૪/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** પુનમબહેન વા/ઓ રામકિશોર જર્મન (ઉ.વ.૨૬) (રહે. સેકટર–૪ ચામુંડાનગરની બાજુમાં ચાણકયપુરી) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૩/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેઠાણ ખાતે છતમાં લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “ક” ડીવીઝન ચલાવે છે.

**ચાંદખેડાઃ** પ્રકાશ સ/ઓ ગણેશજી (ઉ.વ.૨૨) (રહે રણછોડરાયનગર જગતપુર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૩/૨૦૨૫ રાતના ૯/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંકના ધાબા ઉપર આવેલ પતરાની ઓરડીમાં પતરાની લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પાર્થ પ્રતાપભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** દિનેશભાઈ સ/ઓ ધનાભાઇ સોલંકી (ઉ.વ.૨૮) (રહે. કબીરનગર નોબલનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૩/૨૫ રાતાના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલામાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બાબુભાઈ કાનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી